# ભગવાન યહાં હૈ તું...

આપણા દેશની વિશેષતા છે, વિવિધતામાં એકતા! દરેક વાતે તમને અલગ મત ધરાવતી અલગ અલગ વેરાયટી જોવા મળી જશે. સૌથી વધારે સમજુ અને બુધ્ધિશાળી પ્રજા સાથે સૌથી વધારે નાદાન અને ભોળી પ્રજા પણ તમને ખૂણે ખાંચરે મળી આવશે!

આજે દેશની જે હાલત છે એ જોઈ થાય કે શું કહેવું, શું કરવું એ વિચારવાની ક્ષમતા મગજ ખોઈ બેસશે! વાઈરસની સાથે સાથે આજે આપણે ધર્મના નામે પણ લડી રહ્યા છીએ અને જેવું એમ લાગવા માંડે કે મારો ધર્મ જ બેસ્ટ છે બાકીના બધા ઠીક છે ત્યારે જ કંઈક એવું નજર સામે આવી જાય છે કે આપણી બોલતી બંધ થઈ જાય...

વાત છે મારા કેટલાક એવા મિત્રોની જે પોતે બીજી જ શાખાના સ્પેશિયાલિસ્ટ છે. એમની ઉપર જરાય પ્રેસર નથી કે એ જઈને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારમાં જોડાય તેમ છતાં




એમની હોસ્પિટલ બીજા ડૉકટર અને સ્ટાફને ભરોશે છોડી એ જાતે, સ્વેચ્છાએ સિવિલ હોસ્પિટલમાં ખાસ ઊભા કરાયેલા કોરોના વોર્ડ, કોવિડ હોસ્પિટલમાં જોડાઈ ગયા છે. રોજ રોજ કોરોનાની ભયાનક અસર હેઠળ આવી ગયેલા લોકોની સારવારમાં કરવી, એમને તપાસવા, એમને સાંત્વના આપવી સરળ કામ નથી જ. નજર સામે કોઈ માણસને મરતું જોવું, છેલ્લી ઘડી સુધી જેને બચાવવાં પ્રયત્ન કર્યો હોય એ માણસની છેલ્લા શ્વાસ લેતી વખતની આંખોનો સામનો કરવો કોઈ કાચા પોચા માણસનું કામ નથી! એની આંખો સતત આજીજી કરતી હોય કે ડોકટર મને બચાવી લો... ડૉકટર પૂરો પ્રયત્ન કરે જ છે છતાં ક્યારેક હારી જાય ત્યારે એનેય એના ગળે કોળિયો ઉતારવું મુશ્કેલ લાગે છે! એક દર્દી પાસેથી નિરાશ થયેલા એ યોદ્ધાને હાર માનવાનું પોસાય એવું હોતું જ નથી. દર્દીઓની લાંબી લાઈન લાગી છે, એને પોતાને શ્વાસ લેવાની પણ ફુરસત નથી ત્યાં નિરાશાની વાતો કેવી? તરત બીજા દર્દીની સારવાર માટે



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

તૈયાર થતા એ ડૉકટરના ચહેરા પર સ્માઈલ ત્યારે આવે છે જ્યારે એ દર્દી સાજો થઈ હસતો હસતો એના ઘરે જાય... આ ડોક્ટર્સમાં કેટલાક હિન્દુ તો કેટલાક મુસ્લિમ ભાઈઓ પણ જોડાયા છે!

પીપીઈ કીટ પહેરીને, સતત કામમાં રહેતા, દર્દીઓની વધી રહેલી સંખ્યા જોઈ અકળાઈ રહેલા આ ડોક્ટર્સ માટે હાલ એક જ ધર્મ સર્વોપરી છે અને એ છે માનવતા! કોરોનાથી પીડાય રહેલા દર્દીની સામે જ્યારે આ ડોક્ટર્સ એક સ્મિત આપી કહે છે કે, ‘‘તું હવે જલદી સાજો સારો થઈને ઘરે જતો રહે દોસ્ત આ કપડામાં મને બહુ ગરમી લાગે છે! અંદરથી હું પરસેવે નીતરી રહ્યો છું!× ત્યારે એ દર્દીને સામે ભગવાન આવી ઊભા રહ્યા હોય એવી લાગણી થઈ આવે છે.

નામ નહીં કહું એ વ્યક્તિનું જેને જોઈને મને આ કહેવાનું મન થયું કેમ કે કોરોના સામેની લડાઈમાં એમના જેવા હજારો યુવા ડોક્ટર્સ જોડાઈ ગયા છે જે દિવસ રાત કોઈ જાતિ કે ધર્મ જોયા વગર, એમના પોતાના જીવનની પરવા કર્યા વગર માનવતા એજ ધર્મ માની લોકોની સારવાર કરી રહ્યા છે. કોઈ એકનું નામ લઉં ત્યારે બીજાનું રહી ગયું એમ ના થાય, એટલે જ નામ લેવાનું ટાળ્યું છે.

મારા માટે એ બધા જ માણસો દેવદૂત સમાન છે જે હાલ ફક્ત એમની ડયુટી જ નથી નિભાવતા પણ મારે કોરોનાને હરાવવાનો છે, મારા દેશવાસીઓની મદદ કરવાની છે એમ માની એક યુધ્ધ લડી રહ્યા છે. એ દેવદૂત જેવા માણસો એટલે ડોકટર્સ, હોસ્પિટલ સ્ટાફ, પોલીસ કર્મીઓ, આર્મી જવાનો, સફાઈ કર્મચારી, કરિયાણાની દુકાને બેસતો ભાઈ, શાકભાજીની લારી વાળા અને મારા ઘરે દૂધ, છાપુ આપી જતા એ દરેક ભાઈ!

કોરોના સિવાય પણ આપણા દેશમાં ઢગલો બીમારીઓ છે, હજારો દર્દીઓ છે એમને માટે હાલ પોતાના દવાખાના ખુલ્લા રાખનાર ડોક્ટર્સ અને સ્ટાફ, તમારી ગલીમાં આવેલા મેડિકલ સ્ટોર ચલાવતો ભાઈ, ઘરમાં પૂરાઈને રહેતો અને એને જ પોતાની ફરજ સમજતો પરિવાર, બીજાને માટે ભોજન બનાવી એને જરૂરિયાત વાળા સુધી પહોંચાડતા, પોતાની અગવડ અને આર્થિક નુકશાની વેઠીને પણ દેશ હિતમાં વિચારી રહેલો એ દરેક નાગરિક આજનો હીરો છે!

ક્યાંક સાંભળેલું/વાંચેલું કે ભગવાન દરેકને એના જીવનમાં હીરો બનવાનો મોકો જરૂર આપે છે, શું ખબર તમારો હીરો બનવાનો મોકો આજ હોય!

ગર્વ લો કે તમે ભારતીય છો જ્યાં હજી લોકોમાં માનવતા જીવે છે!

### કયારેય નથી જોઈ....


માનવજાતને આટલી વિવશ કયારે નથી જોઈ,
ડરેલી, સહેમેલી, ચિંતાતૂર, અને ભવિષ્ય પ્રત્યે
અત્યંત અનિશ્ચિત કયારેક નથી જોઈ....
જિંદગીઓને આટલી થંભેલી, થીજેલી
કયારેય નથી જોઈ,
પ્રકૃતિને સોળે કળાએ ખીલેલીને શુદ્ધ થતી
કયારેય નથી જોઈ...
કુદરતને આટલી ખુશ કયારેય નથી જોઈ,
માનવજાતને આત્મસમર્પણ કરેલી કયારેય નથી જોઈ...
માનવજાતે ક્રાંતિની કીર્તિમાન સ્થાપ્યા પછી
બધું જ હોવા છતાં હારેલા યોદ્ધાની જેમ
કયારેય નથી જોઈ....
અત્યંત પ્રબળ અને શક્તિમાન કુદરતને
વગર પ્રહારે પોતાની સુંદરતા મેળવેલી
કયારેય નથી જોઈ...
કુદરતન માનવીને ચેતવતા ઘણી વાર જોઈ છે,
પણ માનવજાતને એકબીજાને વિવસ થઈ
ચેતવતા કયારેય નથી જોઈ...
સમગ્ર વિશ્વ અનિશ્ચિતતાના ઉંબરે ઊભું છે,
કયારે ઓળંગવો એ પ્રશ્નનો જવાબ ન મળવાને
લીધે આટલી બધી નિરાશ
કયારેય નથી જોઈ....

- કૃતિ પટેલ

‘પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે’ વિષય પર

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ઓનલાઈન સેશન યોજાયું





ગાંધીનગર, તા. ૨૯

કોરોના મહામારીને લઈ સૌકોઈ જ્યારે લોકડાઉનમાં છે ત્યારે રોટરી કલબ ઓફ ગાંધીનગર અને રોટરી કલબ ઓફ વિસનગરના સંયુક્ત ઉપક્રમે સભ્યો અને પરિવારજનો માટે ‘‘પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે’’ વિષય પર ઓનલાઈન સેશન યોજાયું જેમાં ગાધીનગર શહેરના જાણીતા અને અનુભવી ડો.ગૌરાંગ થાનકીએ મહામારીના સમયમાં હકારાત્મક જીવન માટેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ડો. થાનકીએ જણાવ્યું હતું કે કોરોના ના લાઈવ સમાચાર/ અપડેટ જોવાથી દૂર રહેવું જોઈએ (Avoid Electronic Media for Corona News) પરંતુ તેની માહિતી માટે પેપર જરૂર વાંચવું જોઈએ. સતત લાઈવ સમાચાર જોવાથી એક ડર પેદા થાય છે જેનાથી હકારાત્મક શક્તિ ઓછી થાય છે. એટલે જો ઈમ્યુનીટી વધારવી હોય તો હકારાત્મકતા ખુબ જરૂરી છે. હકારાત્મકતા માટે સારો અને પૌષ્ટિક આહાર, માનસિક અને શારીરિક કસરત અને ગમતું કામ કરવા જેવું કે સંગીત, પેઈન્ટિંગ, લેખન, કાવ્યલેખન, નવી આવડત કેળવો, આમ શૌખ પુરા કરવા માટેનું સુચન કર્યું હતું. સમયઅંતરે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી ગાઈડલાઈન્સનું પાલન કરવા માટે પણ પ્રેરણા પૂરી પાડી હતી. આ સ્થિતિમાં પોતાની જાતને થોભી, જીવનના દરેક ક્ષણને માણો. લોકડાઉનના સમય પછી ગાંડી દૌડ બંધ થઈ જશે અને જીવને જોવાનો નજરીયો પણ બદલાઈ જશે તેવું તેમણે પોતાના શેશનનાં સેશન જણાવ્યું હતું અને અંતે વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ પણ આપ્યા હતા.

સમગ્ર સેશનના આયોજનમાં બંને કલબના પ્રમુખશ્રી અલ્કેશભાઈ પટેલ, ડો. ધર્મેન્દ્ર પટેલ, , સેક્રેટરી ભારત જૈન, શૈલેશ પટેલ, રોટે. ઊર્મિલ વેદ, રોટે. કમલ જૈન, પી.ડી.જી. રોટે.જગદીશ પટેલ અને અન્ય રોટેરિયન ખુબ મોટી સંખ્યમાં જોડાઈ ઓનલાઈન સેશનનો લાભ લીધો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા

# ખેડૂતોને મોબાઈલ ઓડિયો કોન્ફરન્સથી માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લાના ખેડૂતોને લોકડાઉનની પરિસ્થિતિમાં કૃષિ,પશુપાલન,બાગાયત અને અન્ય કૃષિ સંબંધિત માહિતી ટેક્નોલૉજીના માધ્યમથી ઘરે બેઠા સહેલાઈથી મળી રહે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી ખેડૂતો માટે મોબાઈલ ઓડિયો કોન્ફરન્સ યોજવામાં આવેલ. છેલ્લા ચાર દિવસ દરમિયાન કૂલ ૪ મોબાઈલ કોન્ફરન્સ જિલ્લાના ચારેય તાલુકાઓ ગાંધીનગર, માણસા, કલોલ અને દેહગામના ખેડૂતો માટે યોજવામાં આવેલ જેમાં અંદાજે ૫૦૦ જેટલા ખેડૂતો ભાઈઓ અને બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ મોબાઈલ કોન્ફરન્સમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો.ગર્ગ અને વિષય નિષ્ણાંતો હર્ષદભાઈ પટેલ,વિનય ગોર,ડો પ્રભાત જાદવ અને ભરત હડિયા પણ જોડાયા હતા.

વિષય નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને કોરોના મહામારીથી સુરક્ષિત રહેવા ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આરોગ્ય સેતુ એપ્લિકેશનની અગત્યતા અંગે માર્ગદર્શન આપી ડાઉનલોડ કરવા જણાવેલ. આ ઉપરાંત ખેડૂતની કૃષિ ઉપજને માર્કેટયાર્ડ, કોલ્ડ સ્ટોરેજ કે ગોડાઉન સુધી પહોંચાડવા માટે ખેડૂતને પરિવહનની મુશ્કેલીઓ પડતી હોવાથી સરકાર દ્વારા કિસાન રથ એપ્લિકેશન બહાર પાડવામાં આવેલ છે જેમાં ખેડૂત રજીસ્ટ્રેશન કરાવી પરિવહનની સુવિધાનો લાભ લઈ શકે છે. લોકડાઉનની પરિસ્થિતિમાં ખેડૂતોને મુંજવતા પ્રશ્નો જેવા કે ઊભા પાકોમાં આવતા રોગ જીવાતો, પશુપાલન, દવા ખાતર બિયારણ, કૃષિ બજાર સંબધિત પ્રશ્નોનું નિષ્ણાંતો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપી નિરાકરણ લાવવામાં આવેલ. આ મોબાઈલ ઓડિયો કોન્ફરન્સનું સંચાલન રિલાયન્સ ફાઉન્ડેશનના અધિકારી ભાવેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ તેઓ દ્વારા ખેડૂતોને કૃષિ સંબંધિત સેવાઓની વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૧૯ ૮૮૦૦ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું.






કોરોનાના ની વૈશ્વિક મહામારી ચાલી રહી છે એવા કપરા સમયમાં જે જે પોલીસ જવાનો આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો અને આવી કાળ ઝાડ ગરમીમાં પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે તેમના માટે સેક્ટર - ૨૭, ગાયત્રી નગર સોસાયટી માં વસવાટ કરતા યુવાનો દ્વારા ગાંધીનગર ના પોલીસ જવાનો માટે ચા-નાસ્તા નુ આયોજન કરવામાં આવ્યું હતું. સ્મિત પટેલ, બ્રીજેશ શર્મા, રાજ ડોડીયા, મીત રાવલ જેવા યુવાનનો ગાંધીનગર ના યુવાધન માટે પ્રેરણારૂપ બન્યા છે.



**કોરોના સામેના જંગમાં નિર્મોહી આશ્રમ દ્વારા સેક્ટર-૨૫ના ગરીબોને સતત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યમાં અશ્વિન ત્રિવેદી, મુકેશ પંડ્યા તથા તેમના કાર્યકરોનો સહયોગ સાંપડી રહ્યો છે...**

# અવિરત એકમાસથી ફૂડ પેકેટ બનાવવાની કામગીરી ચાલી રહી છે

ચિલોડા, તા. ૨૯

શ્રી જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર સાદરામાં ૨૭ માર્ચથી ૨૭ એપ્રિલ સુધીના એક માસથી ફૂડ પૅકેટ બનાવવાની અવિરત કામગીરી ચાલી રહી છે. જે ૩મે સુધી ચાલવાની છે. કોરોના સંક્રમિત વિસ્તારોના શ્રમજીવીઓને દરરોજનું ભોજન મળી રહે તેવા કુટુંબો માટે સર્વોદય પરિવાર ટ્રસ્ટ અમદાવાદના આર્થિક સહયોગથી દરરોજ ૩૫૦૦ ફુડ પેકેટ બાનાાવવાની કામગીરી ચાલી રહી છે.



એક મહિનામાં એક લાખ પાંચ હજાર ફૂડ પેકેટ બનાવી વિતરણ કરવામાં આવ્યા છે. એક ફૂડ પેકેટમાં એક સુખડીનો ટુકડો, પાંચ થેપલા અને એક અચારની પડીકી મુકવામાં આવે છે. જે એક વ્યક્તિને એક દિવસની ભૂખ સંતોષે છે. આ અન્નદાનમાં ફુડ પેકેટ બનાવવામાં દરરોજ ૩૫ જેટલી સેવાભાવી સ્વયં સેકો કામે લાગેલા છે. ફુડ પેકેટ તૈયાર કરી જરૂરિયાત સુધી પહોંચાડવાની ખડેપગે કામગીરી કનુભાઈ ગોસ્વામી, કાળુભાઈ દરજી, પ્રદિપસિંહ રાઓલ અને ઉર્વેશ રાવલ દ્વારા કરવામાં આવી રહી છે. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલએ ફૂડ પેકેટ બનાવવા છાત્રાલયના ત્રણ મોટા સઘડાની વ્યવસ્થા કરી આપી હતી.

## જન્મદિને વધામણી



પરમ હિતેન ભટ્ટ
મો. ૭૦૧૬૫ ૫૪૮૫૫



વિધી હિતેષ રાવલ
મો. ૯૮૨૪૩ ૩૮૦૦૮



આર્ય વિનોદકુમાર શાહ



ધ્વનિષાબા જયપાલસિંહ વાઘેલા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આપણી માનસિકતાને સમસ્યા કેન્દ્રીને બદલે અવસર કેન્દ્રી બનાવીએ તો જીવન તકોથી ભરપૂર છે!!

## વ્યક્તિ ઘડતર

- નિમેષ રાવલ

ટાઈમ મેનેજમેન્ટ એટલે સેલ્ફ મેન્જમેન્ટ એ અદ્ભૂત સંદેશો આપ સૌએ વાંચ્યો હશે, વિચાર્યો હશે, સમજ્યો હશે પણ અમલમાં મૂક્યો હશે ખરો ? એક અલગ વાત આ સંદર્ભ સાથે વિચારવંત થઈ રહી છે. આપ સૌએ કયારેક ને કયારેક, કયાંક ને કયાંક સાંભળી હશે, જાણી પણ હશે.

મારે સહુ વાચકોને એક પ્રશ્ન પૂછવો છે... રેગ્યુલર - નિયમિત કસરત કરવાથી શરીરનું સ્વાસ્થ્ય સારું રહે છે એવું તમે માનો છો...? મોટા ભાગનાનો જવાબ ‘હા’માં હશે. તો મારા બીજી પ્રશ્નનો જવાબ પણ મેળવીએ... શું તમે રેગ્યુલર - નિયમિત કસરત કરો છો? શું થાય છે ? શું આપણને કસરત એટલે શું ? કસરત કેવી રીતે થાય ? એના વિશે કોઈ માહિતી - જ્ઞાન નથી, એવું છે ?? ના, મિત્રો આપણી પાસે પૂરતું જ્ઞાન (Knowledge) છે. આપણી પાસે કસરતની પૂરતી આવડત (Skill) પણ છે... (કોઈને ચાલતાં શીખવવું પડે એમ છે ? (Walking is the best exercise!!)

હા, સ્વિમિંગ, જીમની કસરત, યોગાસન, પ્રાણાયામ જેવી કેટલીક કસરતમાં આવડત (Skill) કેળવવી પડે, પણ એ પણ અઘરું નથી. તો શું અઘરું છે ? કેમ નિયમિત કસરત થતી નથી ? આનો જવાબ શોધતાં આપણને સમજાય છે કે આપણો એ તરફનો અભિગમ (Attitude) જ નથી.

અભિગમની ઘણી બધી વાત આપણે કરવી છે પણ આજે વાત કરવી છે એ અભિગમની જે અવસર-તક કેન્દ્રી (Opportunity Centered) હોવા કરતાં વધુ સમસ્યા કેન્દ્રી (Problem Centered) છે. કસરરત નહીં કરી શકવાના, નહીં થઈ શકવાના અનેક કારણો આપણી પાસે હોય જ છે. ખૂબ બધા કારણો આપણે ગોતી કાઢશું, અરે... ગોતવાની કયાં જરૂર છે, ખબર જ છે... સમસ્યાઓની યાદી તૈયાર જ હોય છે... અને એને કારણે ભગવાને આપેલા સાબૂત હાથ, પગ, હૈયા થકી મળેલ આ ‘તક’ને સુંદર, સ્વાસ્થ્યસભર જીવન બનાવવાના અવસરમાં પલટાવાથીચૂકી જવાય છે.

જીવનની પ્રત્યેક ઘડીએ, પ્રત્યેક પડાવે આપણને સમસ્યા અને તક/અવસર બંને સાથે જ મળે છે. દરેક વિચાર, દરેક ઘટના, દરેક કામ, દરેક વ્યક્તિમાં સિક્કાની બે બાજુઓની જેમ સમસ્યા અને અવસર (તક) છુપાયેલી હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ કે...

● ‘રાત્રે મોડા સુધી ઊંઘ ન આવ્યા પછી સવારે વહેલાં ઊંઘ ઉડી ગઈ...’

આ ઘટનામાં રહેલ સમસ્યા અને અવસર તપાસીએ તો ઊંઘ અપૂરતી રહી ગઈ, આખો દિવસ બીજા કામો પર એની આડઅસર થશે, મનથી - શરીરથી સુસ્તી અને થાક અનુભવાશે વગેરે વગેરે ઘણી સમસ્યાઓ અનુભવી શકાય, વિચારી શકાય... અને આજ ઘટનામાં રહેલી તક/અવસર વિચારીએ તો... સારું થયું, સવારની તાજી હવામાં ચાલવાની મજા આવશે, ઘણા સમયથી સૂર્યોદય નહોતો જોયો આજે જલસો પડશે, વહેલી સવારનો પંખીઓનો કલબલાટ અને ટહુકા કેવા મીઠા લાગશે, કેટલા સમય પછી વહેલી સવારે રેડિયો પર ભજન સાંભળવા મળશે... કદાચ આપણી સમસ્યા કેન્દ્રી માનસિકતા આપણને સામે રહેલા અવસર/તક જોવાથી રોકે છે.

એક ખૂબ પ્રતિષ્ઠિત બૂટ/ચંપલ બનાવતી કંપનીએ બિઝનેશના વિસ્તૃતિકરણ હેતુથી એની કંપનીના બે સેલ્સ મેનેજરને આદિવાસી વિસ્તારમાં સર્વે કરવા માટે મોકલ્યા અને ઝડપથી રિપોર્ટ આપવા જણાવ્યું.

એક સેલ્સ મેનેજરે રિપોર્ટ આપ્યો કે, અહીં એક પણ વ્યક્તિ જૂતા/ચપ્પલ પહેરતી નથી. અહીંની જીવનશૈલી પ્રમાણે તમામ લોકો ઉઘાડા પગે જ ફરે છે... અહીં આપણી કંપનીના બૂટ-ચપ્પલ વેચાણ માટે કોઈ માર્કેટની શક્યતા દેખાતી નથી... બીજા સેલ્સમેનેજરે પણ બધે સર્વે કર્યા પછી કંપનીને રિપોર્ટ કર્યો કે, અહીં એક પણ વ્યક્તિ જૂતા પહેરતી નથી. તમામ લોકો ખુલ્લાપગે ફરવાની જીવનશૈલી ધરાવે છે. અહીં આપણી કંપનીના બૂટ/ચપ્પલના વેચાણની ભરપૂર શક્યતા રહેલી છે.

આપણી કંપની માટે આ એક મોટી તક/ સારો અવસર છે કે આપણે અહીં વેચાણ કરીએ કારણ કે બધા જ લોકોને ચપ્પલ પહેરાવી શકાશે !! જગ્યા એની એજ પણ સર્વે કરવા ગયેલ બંને સેલ્સ મેનેજરની વિચારશૈલીમાં મોટો ભેદ હતો.. એકને જેમાં સમસ્યા (Problems) દેખાઈ, બીજાને એમાં અવસર/તક (Opportunity) દેખાઈ...

આપણે આપણી માનસિકતાને સમસ્યાકેન્દ્રીમાંથી અવસરકેન્દ્રી બનાવીએ તો કેવું ?? જીવનના પ્રત્યેક ડગલે નવી સમસ્યાઓ ને બદલે નવા અવસરો - નવી તકો દેખાશે. એનું સમાધાન પણ સહેલું જ છે. પોતાના વિચાર, પોતાની લાગણી અને પોતાની માન્યતા (Belief માં અવસરકેન્દ્રી અભિગમને અપનાવીએ અને સમસ્યાકેન્દ્રી અભિગમને તિલાંજલિ આપીએ.

જીવનની દરેક પળ નવી તક - અવસર છે એમ માનીએ તો તકની ચોટલી હંમેશા આપણા હાથમાં રહેશે.

મો. ૯૮૭૯૫૨૮૭૦૨